પોલીસ કમિશ્નરની કચેરી,
વિશેષ શાખા, પોલીસ ભવન, જેલ રોડ,
વડોદરા શહેર. ૩૯૦૦૦૧
ટેલીફોન નં.૦૨૬૫-૨૪૨૩૯૫૦,
કંટ્રોલ રૂમ ફેક્સ નં.૦૨૬૫-૨૪૩૨૫૮૨,
E-mail ID : cp-spl-vad@gujarat.gov.in

ક્માંકઃજી/સીપી/વિ.શા./ગ્રા.પ./જાહેરનામું/ ૫૩૬૭/૨૦૨૧ તા. ૧૬ /૧૨/૨૦૨૧

**વંચાણે લીધુ :-**

૧. રાજ્ય ચૂંટણી આયોગના આદેશ ક્.રાચપ-ચટણ-સીઓસી-સ્થા.સ્વ-૧૩૮(૧)-૧૧૨૦૨૧-ક, તા.૧૭/૧૧/૨૦૨૧ થી બહાર પાડેલ આદર્શ આચાર સંહિતા

૨. રાજ્ય ચૂંટણી આયોગના પરિપત્ર ક્.ઇએલસી-સી.ઓ.સી.-૩(૭)-૧૧૨૦૨૧-ક, તા.૨૨/૧૧/૨૦૨૧

**ફોજદારી કાર્યરીતિ અધિનિયમ–૧૯૭૩ ની કલમ–૧૪૪ તથા ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ ૩૩(૧) (બી) અન્વયે કાઢેલો હુકમ**

**// હુકમ //**

ગુજરાત રાજ્ય ચૂંટણી આયોગ ધ્વારા ગ્રામ પંચાયતોની સામાન્ય/વિભાજન/મધ્યસત્ર/પેટા ચૂંટણી-૨૦૨૧નો કાર્યક્રમ જાહેર કરેલ છે. અને તે મુજબ વડોદરા જિલ્લામાં મતદાનની તા.૧૯/૧૨/૨૦૨૧ (રવિવાર) સવારના ૦૭:૦૦ વાગયાથી સાંજના ૦૬:૦૦ વાગ્યા સુધી તેમજ મતગણતરીની તા.૨૧/૧૨/૨૦૨૧ નકકી કરવામાં આવેલ છે.

ગુજરાત રાજ્ય ચૂંટણી આયોગ, ગાંધીનગરનાં સંદર્ભ-૧ ના આદેશથી મુકત અને ન્યાયી વાતાવરણમાં ચૂંટણી યોજવા અંગે આદર્શ આચાર સંહિતા બહાર પાડી તેનું કડકપણે પાલન કરવાની સુચના આપવામાં આવેલ છે. જેનો તમામ રાજકીય પક્ષો અને ચૂંટણી લડતા ઉમેદવારોએ તથા તેમના કાર્યકરોએ ચુસ્તપણે અમલ કરવાનો રહે છે. વડોદરા જિલ્લામાં ગ્રામ પંચાયતની ચૂંટણી દરમ્યાન રાજકીય પક્ષો, ઉમેદવારો તથા તેમના એજન્ટો/ કાર્યકરો ધ્વારા જાહેર રસ્તાઓ ઉપર ટેબલ તથા ખુરશીઓ ગોઠવવામાં આવે છે. જેનાથી લોકોમાં હરકત અથવા અગવડ ન થાય તેટલા માટે રસ્તામાં તથા સાર્વજનિક જગા ઉપર કોઈ પ્રકારે રાહદારી તથા મત આપવા જનાર લોકોને અગવડ ઉભી ન થાય તે માટે જાહેર હીતમાં નિયંત્રણ મુકવા જરૂરી છે.

જેથી હું ડો.શમશેરસિંઘ IPS, પોલીસ કમિશ્નરશ્રી વડોદરા શહેર, ફોજદારી કાર્યરીતી અધિનિયમ ૧૯૭૩ ની કલમ ૧૪૪ તથા ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ- ૩૩(૧)(બી) થી મને મળેલ સત્તાની રૂએ હુકમ કરું છું કે, પોલીસ કમિશ્નર વડોદરા શહેર કાર્યક્ષેત્ર વિસ્તારમાં આવેલ વડોદરા તાલુકાના સયાજીપુરા,અનગઢ, ધનોરા, બાજવા, ખલીપુર, મારેઠા, કોટણા, નંદેસરી, તલસટ, સાંકરદા, દામાપુરા ગામોની ગ્રામ પંચાયતની ચૂંટણી હેઠળના વિસ્તારોમાં,

(૧) મતદાનના દિવસે મતદાન મથકના મકાનથી ૨૦૦ મીટર ત્રિજ્યા બહાર મતદારોને ઓળખ કાપલીઓ આપવા માટે કોઈપણ ઉમેદવાર ઈચ્છે તો એક ટેબલ, બે ખુરશી મુકી શકશે. ટેબલ પર છાયડો કરી શકશે પરંતુ તેને કવર્ડ કરી શકાશે નહી તથા આવું ટેબલ મુકવા માટે જે તે ઉમેદવારે સંબંધિત ચૂંટણી અધિકારીશ્રીને અગાઉથી મતદાન મથકનું નામ, નંબર અને જે જગ્યાએ ટેબલ મુકવાનું હોય તે જગ્યાનું નામ સાથે જાણ કરવી જોઈશે અને સ્થાનિક સત્તા મંડળ(ગ્રામ પંચાયત) ના સક્ષમ અધિકારીની પરવાનગી મેળવી લેવાની રહેશે અને મેળવેલ પરવાનગી જયારે કોઈપણ અધિકારી જોવા માંગે ત્યારે રજુ કરવાની રહેશે.

(૨) મંજુરી મેળવેલ ટેબલ–ખુરશી ટ્રાફીકને અવરોધ ન થાય તે રીતે મુકવાના રહેશે.

(૩) મત આપીને પરત આવતા મતદારો આ ટેબલ ઉપર એકઠા થઈ શકશે નહી.



Scanned by CamScanner

કોવિડ-૧૯ અન્વયે ગૃહ મંત્રાલય તથા ગૃહ વિભાગ તેમજ આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય તથા આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા બહાર પાડવામાં આવેલ તથા બહાર પાડવામાં આવનાર વખતો- વખતની ગાઈડ લાઈનનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

આ હુકમનો ભંગ કરનાર, ઉલ્લંઘન કરનારને ભારતીય દંડ સંહિતાની કલમ ૧૮૮ હેઠળ તથા ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ–૧૩૧ મુજબ સજાને પાત્ર થશે.

સદરહુ હુકમ પોલીસ કમિશ્નર વડોદરા શહેર વિસ્તારમાં યોજાનાર ગ્રામ પંચાયતની ચૂંટણી હેઠળના મત વિસ્તારમાં લાગુ પડશે.

સદરહું પ્રતિબંધ તા. ૧૯/૧૨/૨૦૨૧ ના સવારના કલાક ૦૫/૦૦ થી મતદાન પુર્ણ ન થાય ત્યાં સુધી અમલમાં રહેશે.

આજ તા.૧૬/૧૨/૨૦૨૧ ના રોજ સહી અને કચેરીનો સિકકો કરવામાં આવ્યો.

પોલીસ કમિશ્નર
વડોદરા શહેર

(ડો. શમશેરસિંઘ)
પોલીસ કમિશ્નર
વડોદરા શહેર

પ્રતિ,

(૧) વડોદરા શહેર તમામ પો.સ્ટે. ઇન્ચાર્જશ્રીઓ (નકલો ચોંટાડી લાઉડસ્પીકર વાહન દ્વારા જાહેરાત કરાવવા સારૂ)
(૨) વડોદરા શહેર પોલીસના તમામ સ્કવોડ તથા શાખા ઈન્ચાર્જશ્રીઓ
(૩) વડોદરા શહેર કંટ્રોલરૂમ ઇન્ચાર્જશ્રી પોલીસ જાણ તથા વર્તમાનપત્રો દ્વારા પ્રસિધ્ધી કરાવવા સારૂ
(૪) વડોદરા શહેર પોલીસના તમામ નાયબ પોલીસ કમિશ્નરશ્રીઓ તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રીઓ તરફ.

**<u>સવિનય નકલ રવાના</u> :-**

(૧) અધિક મુખ્ય સચિવશ્રી, ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
(૨) પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુ.રા.ગાંધીનગર.
(૩) અધિક પોલીસ મહાનિદેશકશ્રી, (ઇન્ટે.), ગુ.રા., ગાંધીનગર.
(૪) પોલીસ કમિશ્નરશ્રી, અમદાવાદ શહેર, રાજકોટ શહેર, સુરત શહેર.
(૫) નાયબ પોલીસ મહાનિરીક્ષકશ્રી, વડોદરા રેન્જ, વડોદરા.
(૬) જીલ્લા ચુંટણી અધિકારી અને કલેકટશ્રી, વડોદરા શહેર, વડોદરા.
(૭) રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઇકોર્ટ, સોલારોડ, અમદાવાદ.
(૮) રજીસ્ટ્રારશ્રી, ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ કોર્ટ, વડોદરા.
(૯) રજીસ્ટ્રારશ્રી, એડીશનલ સેશન્સ કોર્ટ, વડોદરા.
(૧૦) રજીસ્ટ્રારશ્રી, ચીફ જયુડીશીયલ મેજી.કોર્ટ, વડોદરા.
(૧૧) કમિશ્નરશ્રી, માહિતી વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
(૧૨) મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, વડોદરા શહેર, વડોદરા.
(૧૩) કલેકટર અને જીલ્લા મેજીસ્ટ્રેટશ્રી, વડોદરા.
(૧૪) પોલીસ અધિક્ષકશ્રી, વડોદરા ગ્રામ્ય, વડોદરા.
(૧૫) પોલીસ અધિક્ષકશ્રી, રેલ્વે વડોદરા તથા પોલીસ ઇન્સ્પેકટરશ્રી, વડોદરા રેલ્વે પો.સ્ટે., વડોદરા.
(૧૬) જીલ્લા સરકારી વકીલશ્રી, સેસન્સ કોર્ટ, વડોદરા.
(૧૭) મેનેજરશ્રી,સરકારી પ્રેસ,વડોદરા (ગેઝેટ ભાગ-૧માં પ્રસિધ્ધ કરી તેની ૨૫ નકલો અત્રે મોકલી આપવા સારૂ)
(૧૮) આસી. કમિશ્નરશ્રી, (ઈન્ટે.), વડોદરા રીજીયન, વડોદરા.
(૧૯) મામલતદાર અને એકજીકયુટીવ મેજીશ્રી, વડોદરા શહેર, વડોદરા.
(૨૦) મામલતદાર અને એકજીકયુટીવ મેજીશ્રી, વડોદરા તાલુકા, વડોદરા.
(૨૧) સંયુકત માહિતી નિયામકશ્રી, કોઠી કચેરી, વડોદરા.
(૨૨) ચુંટણી આચારસહિતા અમલીકરણ અધિકારીશ્રી તથા નોડલ અધિકારીશ્રીઓ.

૨/- સ્થાનિક વર્તમાનપત્રોમાં તથા ચેનલોમાં વિના મુલ્યે બહોળી પ્રસિધ્ધિ કરવા વિનંતી સહ.



Scanned by CamScanner